# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૩૭, ઓક્ટોબર - નવેમ્બર ૨૦૧૬



## ૭૦મા સ્વાતંત્ર્યદિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી







# આ અંકમાં

વર્ષ–૬ અંક–૩૭, ઓક્ટોબર – નવેમ્બર ૨૦૧૬
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એસ. એ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી પ્રણય વાવડીયા, સિનિ. આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

**આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.**

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૧૧/૨૦૧૬

## આ અંકમાં

**ઉજવણી**



» સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી......૦૪
» ૭૦મા સ્વાતંત્ર્યદિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી......૦૫

**નિવૃત્તિ**

» નિવૃત્ત થનાર કર્મચારીઓનો વિદાય સમારંભ......૦૮










» શ્રી એન. એસ. પ્રજાપતિ અધિક્ષક......૦૮
» શ્રી આર. કે. મેવાડા અધિક્ષક......૦૮
» શ્રી આર. કે. પટેલ નાયબ અધિક્ષક......૦૮
» શ્રી કે. જે. પરમાર સિનિયર આસિસ્ટન્ટ......૦૮
» વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી પી. કે. ભટ્ટ......૦૯
» વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી બી.પી. બૂચ......૧૦

**નિયુક્તિ**

» મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે નિયુક્ત થતા શ્રી એ. કે. મંગલ......૧૧

**રમત–ગમત**

» ૧૧મી ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું મહેસાણા ખાતે આયોજન......૧૧

**વાર્તા**

» પેલી (કિતનકુમાર માંડલિયા)......૧૩

# સંદેશ



**આપણે વીજવિતરણ કંપનીના સંનિષ્ઠ કર્મચારી તરીકે, આપણા કાર્યવિસ્તારમાં આપણા ગ્રાહકોને તેમની જરૂરિયાતની વીજળી કોઈ અંતરાય વિના નિરંતર મળે એ સુનિશ્ચિત કરવાનું છે.**

**જ્યારે સમગ્ર દેશનો પ્રત્યેક નાગરિક દેશના વિકાસ કાર્યમાં પોતાનું યોગદાન આપતો થશે ત્યારે આપણો દેશ ચોક્કસ પ્રગતિનાં નવાં શિખરો સર કરશે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

ભારતીય સાંસ્કૃતિક કેલેન્ડર અનુસાર, આપણે હજી હમણાં જ નવા વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ અને અંગ્રેજી કેલેન્ડર અનુસાર, ટૂંક સમયમાં આપણે નવા વર્ષમાં પ્રવેશ કરીશું.

આમ જુઓ તો કેલેન્ડર માત્ર વીતી રહેલો સમય કે દિવસો દર્શાવે છે, પણ જૂનું વીતે અને નવું આવે તે સમય હંમેશા પોતાની સાથે નવા વિચારો, નવી ખુશાલીઓ, નવી દિશાઓ અને નવી સંભાવનાઓ લાવે છે.

આ નવા સમયમાં આપણે આપણી કાર્યક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન આપીએ, પોતાનું કાર્ય વીતેલા સમય કરતાં જરા વધુ બહેતર બનાવવા પર ભાર આપીએ તો ચોક્કસ આપણે વધુ ઉન્નત અને ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ.

આજે આપણો દેશ પણ એક નવી જ સંભાવનાના ઉંબરે આવીને ઊભો છે. છેલ્લાં ઘણો વર્ષોમાં આપણે જોયાં ન હોય એવાં પરિવર્તનો આપણે અત્યારે જોઈ રહ્યા છીએ. સમગ્ર દેશ જાણે એક નવી હરણફાળ ભરવા માટે સજ્જ થઈ રહ્યો છે.

મને પૂરો વિશ્વાસ છે કે વિકાસની આ નવી યાત્રામાં એક વીજવિતરણ કંપની તરીકે આપણે મહત્ત્વપૂર્ણ યોગદાન આપવાનું રહેશે.

વીજળીનો વિશ્વસનીય પૂરવઠો એ વર્ષોથી વિકાસની પ્રાથમિક જરૂરિયાત અને પ્રગતિનો મુખ્ય આધાર રહ્યો છે. અત્યારે જેમ આપણા દેશનાં સલામતી દળોના વીર જવાનો સરહદ પર દેશના દુશ્મનો સામે લડી રહ્યા છે અને સામાન્ય પ્રજા દૈનિક જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી હોવા છતાં રાષ્ટ્ર વિકાસના ભગીરથ કાર્યમાં સહયોગ આપી રહી છે, એ જ રીતે, આપણે વીજવિતરણ કંપનીના સંનિષ્ઠ કર્મચારી તરીકે, આપણા કાર્યવિસ્તારમાં આપણા ગ્રાહકોને તેમની જરૂરિયાતની વીજળી કોઈ અંતરાય વિના નિરંતર મળે એ સુનિશ્ચિત કરવાનું છે.

જ્યારે સમગ્ર દેશનો પ્રત્યેક નાગરિક દેશના વિકાસ કાર્યમાં પોતાનું યોગદાન આપતો થશે ત્યારે આપણો દેશ ચોક્કસ પ્રગતિનાં નવાં શિખરો સર કરશે.

આપ સૌ અને આપના પરિવારજનો માટે નૂતન વર્ષ પ્રસન્નતા અને પ્રગતિના સંદેશ સાથે, સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી મંગળ પ્રાર્થના.

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૧૧-૨૦૧૬**

# સાબરમતી વર્તુળ કચેરી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી

## માનનીય ચેરમેન શ્રી વરુણનાથ માયરા (નિવૃત્ત આઈ.એ.એસ.) અને તેમનાં પત્ની શ્રીમતી વિનિતાબહેન માયરાની ઉપસ્થિતિમાં ઉત્સાહભર્યા કાર્યક્રમનું આયોજન

તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ આપણા દેશના ૭૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી વર્તુળ કચેરી ખાતે કંપનીના માનનીય ચેરમેન શ્રી વરુણનાથ માયરા (નિવૃત્ત આઈ. એ. એસ.)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

આ પ્રસંગે કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક શ્રી એસ. પી. વૈદ્ય, અન્ય ઉચ્ચ અધિકારીશ્રી, કર્મચારીભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ચેરમેન શ્રી માયરાનાં પત્ની શ્રીમતી વિનિતાબહેન માયરા પણ આ પ્રસંગે હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી પંડ્યા દ્વારા શ્રી માયરાનું તથા નાયબ ઈજનેર શ્રીમતી અલ્પાબહેન ગાંધી દ્વારા શ્રીમતી વિનિતાબહેનનું પુષ્પગુચ્છથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એસ. કાપડિયા દ્વારા શ્રી માયરાનું આ પ્રસંગે સન્માન કરવામાં આવેલ.



સવારે ૯.૧૫ વાગ્યે ચેરમેન શ્રી માયરાના શુભ હસ્તે સાબરમતી વર્તુળ કચેરીના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજવંદન કરવામાં આવેલ. આવા ઉલ્લાસભેર વાતાવરણમાં હાજર તમામ વ્યક્તિઓએ ધ્વજવંદન કરી પોતાની દેશભક્તિને વેગ આપ્યો હતો.

આ પ્રસંગે ધ્વજવંદન સાથે જન ગણ મન રાષ્ટ્રગીત ગવાતાં દેશભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવું વાતાવરણ છવાઈ ગયું હતું.



પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી માયરાએ સ્વચ્છતાને આપણી નૈતિક જવાબદારી સમજી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચિંધેલ માર્ગને અનુસરીને સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સફળ બનાવવા હાકલ કરી હતી. આપણી કચેરીઓ તથા પ્રાંગણમાં સ્વચ્છતા રાખવાથી કર્મચારીઓનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે તેવી સમજ શ્રી માયરાએ આપી હતી.

શ્રી માયરાએ કંપની દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પ્રશંસનીય યોગદાન આપવા બદલ તેજસ્વી કર્મચારીઓને પ્રશસ્તિપત્ર આપી તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી માયરાએ હાજર બાળમિત્રોને સ્મૃતિચિહ્ન ભેટ આપીને તેમને પ્રોત્સાહન આપ્યું હતું.

ત્યાર બાદ સાબરમતી કચેરીના પ્રાંગણ ખાતે વૃક્ષારોપણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું, જે દરમિયાન શ્રી માયરા, શ્રીમતી માયરા, શ્રી જોશી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ રોપાઓને રોપીને પર્યાવરણની જાળવણીનું મહત્ત્વ દર્શાવ્યું હતું.

સાબરમતી વર્તુળ કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસથી સ્વતંત્રતા દિવસની ઉજવણીનું સુયોગ્ય આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં હાજર શ્રી માયરા, શ્રીમતી માયરા અને તમામ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો અને નિવૃત્ત કર્મચારીઓએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. ■





# ૭૦મા સ્વાતંત્ર્યદિનની યુજીવીસીએલ દ્વારા આનંદભેર ઉજવણી





## દર વર્ષની જેમ આ વર્ષે પણ દેશના આઝાદીદિનની ગૌરવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો ત્યારથી સ્વાતંત્ર દિનની યાદ તાજી રાખવા દર વર્ષે સમગ્ર દેશમાં તેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. યુજીવીસીએલમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે ગૌરવ તથા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.

આ વર્ષની ઉજવણી દરમિયાન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ ટ્રેનિંગમાં ગયા હોવાથી, તેમની અનુપસ્થિતિમાં તેમનો ચાર્જ સંભાળનાર શ્રી અનુપમ આનંદ પણ સંજોગવશાત ઉપસ્થિત રહી શક્યા નહોતા. કંપનીના ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર શ્રી બી. પી. બૂચે મહેસાણા ખાતેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે ધ્વજવંદન કર્યું હતું. શ્રી બૂચે મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો શુભ સંદેશ વાંચી સંભળાવ્યો હતો.

**માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો શુભ સંદેશ**

હું, અનુપમ આનંદ, ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, મહેસાણા, આજના ૭૦મા સ્વાતંત્ર્ય દિને યુજીવીસીએલના તમામ કર્મચારી ભાઈ-બહેનોને મારી શુભેચ્છા પાઠવું છું. હું અત્યારે આપની

| મેરિટ એવોર્ડ મેળવનાર વિદ્યાર્થીની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| નામ અને કર્મચારી સાથેનો સંબંધ | કર્મચારીનું નામ અને હોદ્દો | કામગીરીનું સ્થળ | ટકાવારી | ધોરણ | રૂપિયા તથા સર્ટિફિકેટ |
| દિવ્યેશ, સુપુત્ર | શ્રી એ. એ. પટેલ, ડેપ્યુ. એન્જિ. | આરએન્ડસી, મહેસાણા | આઇઆઇટી, ગાંધીનગરમાં પ્રવેશ મેળવ્યો | | રૂા. ૫૦૦૦/- તથા સર્ટિફિકેટ |
| પાર્થ, સુપુત્ર | શ્રી વી. બી. પટેલ, ડેપ્યુ. એન્જિ. | મહેસાણા સી.ઓ. | આઇઆઇટી, પટણામાં પ્રવેશ મેળવ્યો | | રૂા. ૫૦૦૦/- તથા સર્ટિફિકેટ |
| નિર્હા, સુપુત્રી | શ્રીમતી ડી.પી. દેસાઈ, જે.એ. | ગાંધીનગર ડી.ઓ. | સીએની પરીક્ષામાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા | | રૂા. ૧૦૦૦/- તથા સર્ટિફિકેટ |
| પાર્થ, સુપુત્ર | શ્રી એમ.બી. પટેલ, ડેપ્યુ. એન્જિ. | વડનગર સબડિવિઝન | ૯૦.૧૫ | ૧૨ | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| પાર્થ, સુપુત્ર | શ્રી બી. એચ. બ્રહ્મભટ્ટ, ડે.એ. | મહેસાણા સિટી સબડિવિઝન | ૮૮.૭૭ | ૧૨ | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| કંદર્પ, સુપુત્ર | શ્રી ડી.સી. મહેતા, જે.એ. | ગાંધીનગર ડી.ઓ. | ૮૭.૬૯ | ૧૨ | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| દિવ, સુપુત્ર | શ્રી એ. આર. પટેલ, એસ.એ. | લોદ્રા સબડિવિઝન | ૮૫.૫૪ | ૧૨ | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| દિવ્યા, સુપુત્ર | શ્રી એ. આર. પટેલ, એસ.એ. | લોદ્રા સબડિવિઝન | ૮૫.૫૪ | ૧૨ | રૂા. ૫૦૦/- તથા સર્ટિફિકેટ |
| ભૈરવી, સુપુત્રી | શ્રી પી. ડી. હાલાણી, ડેપ્યુ. એન્જિ. | આરએન્ડસી, મહેસાણા | ૯૧ | ૧૦ | રૂા. ૨૫૦/- તથા સર્ટિફિકેટ |
| યુવરાજસિંહ, સુપુત્ર | શ્રી ડી.આઈ. કુંપાવત, જે.એ. | હિંમતનગર સી.ઓ. | ૮૮ | ૧૦ | રૂા. ૨૫૦/- તથા સર્ટિફિકેટ |
| નિત્યા, સુપુત્ર | શ્રી યુ. બી. ચૌહાણ, જે.પી. | આરએન્ડસી, મહેસાણા | ૮૭.૮૩ | ૧૦ | રૂા. ૨૫૦/- તથા સર્ટિફિકેટ |
| તન્વી, સુપુત્રી | શ્રી પી.આર. પટેલ, ઇલે. આસિસ્ટન્ટ | મહેસાણા આરએસઓ | ૮૭.૦૫ | ૧૦ | રૂા. ૨૫૦/- તથા સર્ટિફિકેટ |

વચ્ચે ઉપસ્થિત રહી શક્યો નથી. ૭૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ તથા આપ સર્વેના પરિવારજનોનું અભિવાદન કરું છું.

આપણા પૂર્વજોએ ખૂબ જ સંઘર્ષ કરીને આપણને આઝાદી અપાવેલ છે. આઝાદી અપાવવા પાછળનો ઈરાદો એક વિકસિત, આધુનિક અને સૌની ખુશાલીથી સમૃદ્ધ ભારત દેશનું નિર્માણ કરવાનો હતો. આ વિશાળ દેશમાં અનેક ભૌગોલિક વિવિધતાઓ, ઐતિહાસિક ઘટનાઓએ દેશના અલગ-અલગ ભાગમાં ઘણી બધી નાની-મોટી સંસ્કૃતિઓને જન્મ આપ્યો છે.



આપણે સ્વતંત્રતા, સ્વશાસન અને સુશાસન માટે આઝાદી પ્રાપ્ત કરી છે. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના અપ્રતિમ બલિદાન, ત્યાગ અને પરીશ્રમ દ્વારા આપણને આઝાદી પ્રાપ્ત થઈ છે. સુશાસન સ્વતંત્રતાની સાથે સાથે મળતું નથી. પરંતુ, તે મેળવવા માટે દૂરંદેશી, સંયમ, પરસ્પરના મતભેદો ભુલાવીને એકતા જાળવીને તેમજ ત્યાગ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

સ્વતંત્રતા દિવસનો તહેવાર અન્ય ધાર્મિક





તહેવારોથી અલગ છે. આ આપણી જાતિ કે ધર્મના સિદ્ધાંતોથી અલગ આપણાં મૂળ તત્ત્વો અને ઓળખ પર આધારિત તહેવાર છે. આપણે દર વર્ષે સ્વાતંત્ર્ય દિવસ એ જ હર્ષ અને ઉલ્લાસ સાથે મનાવીએ છીએ.

સ્વાતંત્ર્ય દિવસ એ પણ યાદ અપાવે છે કે આપણા સદગુણોનું, આપણા ભાઈ-બહેનોના બલિદાનોનું, આપણી નેતૃત્વ ક્ષમતાઓનું આપણા વિકાસમાં કેટલું મહત્ત્વ છે. ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. વીજ ક્ષેત્રે ગુજરાતે બહુ જ પ્રગતિ કરી છે અને આ પ્રગતિમાં યુજીવીસીએલ અને રાજ્યની અન્ય વીજસંલગ્ન કંપનીઓનો ફાળો રહ્યો છે.

આજના દિવસે મને એ આગ્રહ કરવો જરૂરી લાગે છે કે, આપણા કર્મચારી મિત્રો પૂરી સાવધાનીથી કામ કરે જેથી વારંવાર થતા અકસ્માતોને રોકી શકાય. આપના પરિવાર અને આપની કંપની બંને માટે આપનું જીવન સૌથી વધુ મૂલ્યવાન છે. કપરી કામગીરીમાં જીવ ગુમાવનારને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું.

ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલ સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર કરવા સ્વચ્છ ભારત અંતર્ગત કંપનીના તમામ અધિકારી-કર્મચારીઓ ભાઈઓ તથા બહેનોને સફળ કામગીરી કરવા માટે હું આહ્વાન આપું છું.

હું આશા રાખું છું કે, આપણે બધા મળીને ભવિષ્યમાં યુજીવીસીએલ અને જેટ્કોને નવી ઊંચાઈઓ ઉપર લઈ જઈશું. ભારત અને ગુજરાતનું નામ પણ ઉજ્જ્વલ કરીશું.

ફરી એક વાર આપ સૌને સ્વતંત્રદિનની શુભકામના પાઠવું છું.

જયહિંદ, જય જય ગરવી ગુજરાત....

**અનુપમ આનંદ**
ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (આઈએએસ)
યુજીવીસીએલ, મહેસાણા

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં કંપનીના ઈ.ચા. મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ. કે. મંગલ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, અધિક્ષક ઈજનેર શ્રી પી. બી. પંડ્યા, અધિક્ષક ઈજનેર શ્રી એન. સી. મકવાણા, અધિક્ષક ઈજનેર શ્રી એસ. એ. પટેલ, અધિક્ષક ઈજનેર





(સિવિલ) શ્રી કે. સી. ટેલર ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, બાળકો તથા ભૂતપૂર્વ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સવારે ૯-૧૫ કલાકે કંપનીના ઈ.ચા. મુખ્ય ઈજનેર શ્રી બૂચ દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ. શ્રી બૂચે પોતાના ઉદબોધનમાં જણાવેલ કે ''આપણા કર્મચારીઓની સીધી સરખામણી સરહદના સૈનિક સાથે કરવામાં આવે તો આપણે આપણી ફરજ ખૂબ જ સારી રીતે અને લાઈન સ્ટાફ સલામતીથી કામ કરી શકશે. આપણે આપણું કામ અને તે સિવાય પણ બીજું કામ કરીશું તો ચોક્કસ આપણી કંપની આગળ આવશે.''

આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે કંપનીને ગૌરવ અપાવનાર કર્મચારીઓનાં તેજસ્વી બાળકોને પ્રશસ્તિપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવેલ. આ સાથે એક સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં રજૂ થયેલાં દેશભક્તિનાં ગીતોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

આઈ.આર. વિભાગના આઈઆરઓ શ્રી વી. એચ. અસારી, શ્રી સેવંતીભાઈ, શ્રી ઉમંગભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી એન.ડી. ગોસ્વામી વગેરે કર્મચારી મિત્રો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ.

અંતમાં અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. ■

# નિવૃત્ત થનાર કર્મચારીઓનો વિદાય સમારંભ

## શ્રી એન. એસ. પ્રજાપતિ અધિક્ષક (હિસાબનીશ), શ્રી આર. કે. મેવાડા અધિક્ષક (હિસાબનીશ), શ્રી આર. કે. પટેલ નાયબ અધિક્ષક (હિસાબનીશ) અને શ્રી કે. જે. પરમાર સિનિયર આસિસ્ટન્ટનો વિદાય સમારંભ

યુજીવીસીએલની મહેસાણા ખાતેની કચેરીમાં એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતા અને તા. ૩૦-૦૬-૨૦૧૬ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી એન. એસ. પ્રજાપતિ, શ્રી આર. કે. મેવાડા, શ્રી આર. કે. પટેલ અને શ્રી કે. જે. પરમારના સન્માનમાં, કંપનીના નવનિર્મિત મકાનના કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર શ્રી બી. પી. બૂચ (ઓપરેશન), જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. શ્રી એ. સી પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ. આર.) દ્વારા સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારી નિવૃત્ત થઈ રહેલ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)એ નિવૃત્ત કર્મચારીઓના શાલીન અને સરળ સ્વભાવની નોંધ લઈને તેઓને ઉચ્ચ સત્તાધીશો સાથે કામગીરીમાં સારું સંકલન કરવાની ક્ષમતા હોવાનું જણાવી તેમની કામગીરીને બીરદાવી હતી અને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્તિ લઈ રહેલ કર્મચારીઓએ પોતાના અનુભવો યાદ કરીને કારકિર્દી દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનેલ.



શ્રી એન. એસ. પ્રજાપતિ



શ્રી આર. કે. પટેલ




શ્રી આર. કે. મેવાડા



શ્રી કે. જે. પરમાર






નિવૃત્તિ સમારંભમાં હાજર રહેલ કંપનીના ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર શ્રી બી. પી. બૂચે નિવૃત્તિ લઈ રહેલ દરેક કર્મચારીનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવેલ તથા કારકિર્દી દરમિયાન તેઓની સેવાઓને બિરદાવી હતી. આ સાથે ભવિષ્યમાં જરૂર પડ્યે તેઓની સેવા પ્રાપ્ત કરવાની ખાત્રી મેળવેલ.

આ પ્રસંગે ઉપસ્થિત ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી બી. પી. બૂચ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિ, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ શ્રી એફ. એસ. બામચા અને વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદીએ નિવૃત્તિ કર્મચારીઓને બૂકે તથા સન્માનપત્ર આપીને અને શાલ ઓછાડીને સન્માનિત કરેલ તથા આર્થિક લાભો અંગેના ચેક અર્પણ કરેલ.

અંતમાં વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ. સી. પ્રજાપતિએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓઅને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ.



આઈ. આર. વિભાગના કર્મચારીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સફળ રીતે હાથ ધરેલ. ■

## વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી પી. કે. ભટ્ટ

તા.૩૦-૦૭-૨૦૧૬ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર શ્રી પી. કે. ભટ્ટ (હિસાબનીશ), કે જેઓ રજી. અને કોર્પોરેટ ઓફિસ મહેસાણા એકાઉન્ટ વિભાગમાં પોતાની ફરજ બજાવતા હતા, તેમના વિદાય સમારંભનું આયોજન કંપનીના નવનિર્મિત મકાનના કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) દ્વારા સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારી નિવૃત્ત થઈ રહેલા કર્મચારીને શુભેચ્છાઓ પાઠવેલ.

એકાઉન્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ નિવૃત્ત કર્મચારીના સરળ સ્વભાવની નોંધ લઈને તેઓની કામગીરીને બીરદાવેલ અને નિવૃત્તિ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્તિ લઈ રહેલ કર્મચારી શ્રી પી. કે.ભટ્ટે તેમના પ્રવચનમાં તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન સાથ અને સહકાર આપનાર કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર. બી. કોઠારી, શ્રી એફ. એસ. બામચા અને વિશેષ મહાપ્રબંધક (એચ.આર) શ્રી એ. સી. પ્રજાપતિ અને નિવૃત્ત કર્મચારી શ્રી ભટ્ટને બૂકે તથા સન્માનપત્ર આપીને અને શાલ ઓઢાડીને સન્માનિત કરેલ અને આર્થિક લાભો અંગેનો ચેક અર્પણ કરેલ.

અંતમાં શ્રી પ્રજાપતિએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોનો આભાર વ્યક્ત કરેલ.

આઈ. આર. વિભાગના કર્મચારીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન સફળ રીતે હાથ ધરેલ. ■

# વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી બી.પી. બૂચ













ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે વિશેષ મુખ્ય ઇજનેર તથા કાર્યવાહક મુખ્ય ઇજનેર (ઓપરેશન્સ) શ્રી બી. પી. બૂચ ઓગસ્ટ ૩૧, ૨૦૧૬ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.

ગુજરાતમાં વીજ ક્ષેત્રે સુદીર્ઘ અને સંનિષ્ઠ કારકિર્દીના અંતે નિવૃત્ત થતા શ્રી બી. પી. બૂચના સન્માનમાં મહેસાણાની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે કોન્ફરન્સ હોલમાં ઓગસ્ટ ૩૧, ૨૦૧૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે વિદાય સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં કંપનીના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શ્રી બૂચના પરિવારજનો પણ તેમની કારકિર્દીના આ સીમાચિહ્નમાં સહભાગી થવા ઉપસ્થિત રહ્યા હતા.

યુજીવીસીએલના વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, તત્કાલીન વિશેષ મુખ્ય ઇજનેર (પીએન્ડપી) અને હાલ મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી એ. કે. મંગલ, વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી એ. સી. પ્રજાપતિ, ચીફ એકાઉન્ટ ઓફિસર શ્રી એફ. એસ. બામચા વગેરે ઉપસ્થિત રહ્યા હતા તથા સૌએ શ્રી બૂચ




સાથેના અનુભવો યાદ કરીને તેમની કાર્યનિષ્ઠાને બિરદાવી હતી. શ્રી બૂચનું શાલ તથા સ્મૃતિચિહ્નથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રી બૂચે પોતાના ઉદ્‌બોધનમાં, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાતમાં વિવિધ કાર્યક્ષેત્રમાં, જુદા જુદા હોદ્દાઓમાં વિસ્તરેલી તેમની કારકિર્દીની યાદો તાજી કરીને, તેમના કાર્યમાં મદદરૂપ થનારા સૌ કર્મચારીઓની લાગણી માટે હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો. ■

## મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે નિયુક્ત થતા શ્રી એ. કે. મંગલ

તા. ૧૭-૦૯-૨૦૧૬ના રોજ કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે શ્રી એ. કે. મંગલ વિશેષ મુખ્ય ઈજનેરને મુખ્ય ઈજનેર (ઓપરેશન) તરીકે બઢતી મળતાં તેઓએ નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધેલ છે.



તા.૨૦-૦૮-૧૯૮૧ના રોજ થરાદ પે.વિ. કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે કારકિર્દી શરૂ કરનાર શ્રી મંગલ ડીસા પે.વિ. કચેરી, ડીસા વિભાગીય કચેરી, ઈકબાલગઢ પે.વિ. કચેરી, પાલનપુર વિ.કચેરી-૧ અને ૨, પાલનપુર વર્તુળ કચેરી ખાતે વિવિધ હોદ્દા પર ફરજ બજાવીને કુલ ૩૫ વર્ષનો વિશાળ અનુભવ ધરાવે છે.

મુખ્ય ઈજનેર તરીકે કંપનીની ધૂરા સંભાળનાર શ્રી મંગલને યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને ભાવિ સફળ કામગીરી અંગે શુભેચ્છાઓ પાઠવે છે. ■



## ૧૧મી ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું મહેસાણા ખાતે આયોજન

### પુરુષ વિભાગમાં શ્રી પ્રણય વાવડીયા અને મહિલા વિભાગમાં શ્રીમતી દીનાબેન રાવલ ચેમ્પિયન

તા. ૧૮-૦૯-૨૦૧૬ના રોજ મહેસાણા વર્તુળ કચેરીના યજમાન પદે વણીકર કલબ, મહેસાણા ખાતે ૧૧મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. હસ્તકની ચાર વર્તુળ કચેરી તેમજ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના ભાઈઓ તથા બહેનોની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી તથા અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી મહેસાણા, શ્રી એસ. એ. પટેલે ઉપસ્થિત



રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ તથા ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી જેઓએ પોતે પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને અધિક્ષક ઈજનેર વર્તુળ કચેરી, મહેસાણા શ્રી એસ. એ. પટેલના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ.





### ઈન્ટર સર્કલ સિંગલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | સિનિયર આસિસ્ટન્ટ | રજિ.ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી. જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | રજિ.ઓફિસ, મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ સીંગલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી દીનાબેન રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ પેટા વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| કુ.આર.એમ.જયસ્વાલ | જુ. ઈજનેર | શહેર પેટા વિભાગીય કચેરી હિંમતનગર | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ડબલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા ભાઈઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | સિનિયર આસિસ્ટન્ટ | ર.ક. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી. જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | ર.ક. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી. પી. પ્રજાપતિ | ઈલે. આસિસ્ટન્ટ | ઈન્ડ.પે વિ.ક., મહેસાણા | રનર્સ-અપ |
| શ્રી જે. એમ. સોની | જુનિયર આસિસ્ટન્ટ | હાઈવે.પે.વિ.ક. મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ ડબલ્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિજેતા બહેનોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી દીનાબેન રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| શ્રી એસ. સી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | ૧-પે.વિ.કચેરી, ચિલોડા | ચેમ્પિયન |
| શ્રી એ. એલ.પઢીયાર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી ડીસા-૨ | રનર્સ-અપ |
| શ્રી એસ. એચ. ખરાડી | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી ડીસા-૨ | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ભાઈઓની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પ્રણય વાવડીયા | સી.આ. | રજી.કચેરી, મહેસાણા |
| શ્રી પી. જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | રજી.કચેરી, મહેસાણા |
| શ્રી પી. પી. પ્રજાપતિ | ઈલે. આસિસ્ટન્ટ | ઈન્ડ.પે.વિ.ક, મહેસાણા |
| શ્રી જીગર જી. શાહ | જુની. ઈજનેર | પે.વિ.ક. અડાલજ |
| શ્રી જી. એસ. બજાત | નાયબ ઈજનેર | પે.વિ.ક. શામળાજી |

### ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ બહેનોની ટીમ યુજીવીસીએલ

| કર્મચારીનું નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રીમતી દીનાબેન રાવલ | સિ.આ. | પે.વિ.કચેરી, બોપલ |
| શ્રી આર. એમ. જયસ્વાલ | જુ.ઈજનેર | શહેર પે.વિ.કચેરી, હિંમતનગર |
| શ્રી એસ. સી. પરમાર | જુ.આ. | ૧ પે.વિ. કચેરી, ચિલોડા |
| શ્રી પી. આર. બેન્કર | જુ.આ. | વિભાગીય કચેરી, મહેસાણા. |









વિજેતા ખેલાડીઓને આગામી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

સમગ્ર ટુર્નામેન્ટમાં શ્રી ઈરફાનભાઈ મીરે તટસ્થાપૂર્વક રેફરી તરીકે સેવા બજાવેલ. આમ મહેસાણા સર્કલ દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■

# પેલી

– કેતનકુમાર માંડલિયા

પેલી આજે પણ રોજની જેમ સવારે આવી ગઈ. મેં પહેલાં તો તેને ડરાવવાની કોશિશ કરી, પણ આ વખતે પેલી ડરી નહીં. મારી સામું એક જ ધારું જોઈ રહી અને જાણે હું માણસ છું કે કેમ? એવું પૂછતી ના હોય? તેવું મને પેલીની આંખો જોઈને લાગ્યું.

એની આંખો જોતાં મને એવું લાગ્યું કે અહીં જ રહેવું છે તેવું નક્કી કરીને જ તે આવી હતી.

આમ તો ઘણા સમયથી મારા ઘરે પેલીની આવન જાવન છે. મારા ડો. ચિરાગભાઈ તો પ્રત્યક્ષ રીતે પેલીને ઓળખે છે. એક વાર તો એનો ફોટો પણ પાડેલો. પણ હવે પેલીએ તેનું મન બનાવી લીધું હોય તેવું મને લાગ્યું. બીજી બાજુ મને પણ વાંધો ન હતો. આમ તો ઘણા બધા લોકોને ખબર છે કે આ ઘરના દરવાજા ખુલ્લા જ હોય છે.

ખુલ્લા દરવાજાની નકારાત્મક બાબત એ છે કે, તે જેમ આવવા માટે ખુલ્લા છે તેમ જવા માટે પણ ખુલ્લા જ હોય છે. રહી વાત ખોરાક પાણીની તો આ લખું છુ ત્યારે અને ત્યાં સુધી કોઈ તકલીફ નથી. આવતી કાલની ખબર નથી. પેલી ને આ વાતની ખૂબ સારી ખબર છે અને એટલે જ પેલી વારંવાર અહીં આવે છે.

પેલીની વર્તણૂક પરથી મને એવું લાગ્યું કે પેલીને અહીં પોતાના ઘરની જેમ રહેવું છે અને એ પણ એ જેવું ઇચ્છે તેવું ઘર બનાવીને.

હક્કપત્રક નમુના ૬, ૭/૧૨ અને ૮માં જ્યાં મારું નામ છે, તેવી જગ્યામાં પેલી એની ઇચ્છા મુજબ મારા ઘરમાં ફેરફાર કરીને રહેવા માગે છે આ બાબતથી મને લાગ્યું કે પેલી મારા પર હક્ક કરે છે. હૃદયના સંબંધ હોય ત્યાં જ હક્ક હોય ને?

શરૂઆતમાં તો પેલી, ખાલી પાણીનો જ આગ્રહ રાખતી હતી. જોકે આજે પણ ચોક્કસ રીતે એને શું ભાવે છે એની હજી પણ મને ખબર નથી અને હું પેલીને કદી પૂછીશ પણ નહીં. હા, પેલી ભૂખી ના રહે તે મારો ચિંતાનો વિષય ચોક્કસ હશે.

ગમે તેવો તડકો, ટાઢ કે વરસાદ હોય મારું બપોરનું જમવાનું ૧૨.૦૦ વાગે અને સાંજનું જમવાનું ૭.૩૦ પહેલાં થાય છે. છેલ્લાં ૩ વર્ષથી. આ માટે ઊભી થયેલી પરિસ્થિતિનો અને તે પરિસ્થિતિને ઊભી કરવા માટે જોડાયેલા પક્ષકારોનો હું ખૂબ જ આભારી છું અને મારા સતત એવા પ્રયત્ન છે કે આ પરિસ્થિતિમાં હવે કોઈ ફેરફાર ન થાય. આજે સાંજે મારી બા મને જમવાનું દેવા આવ્યાં ત્યારે પેલી બહાર જતી હતી. મેં મારી બાને બતાવી... કહ્યું જો આ ભાગી... મારી બાએ કહ્યું પણ ખરું કે ભલે ગઈ બેટા. એ ફરી પાછી આવશે. એટલા માટે નહીં કે હુ એને ઓળખું છું... એટલા માટે કે હું તને ઓળખું છું...



મારી બાના શબ્દો પછી... ભાગી... એ શબ્દ મે મનોમન પાછો ખેંચ્યો અને ...ગઈ ...એ શબ્દ હોવો જોઈએ એવો મેં મારામાં સુધારો કર્યો.

ઓફિસ જતો અને ઘર તરફ ભાગતો આવા શબ્દ પ્રયોગ મને થોડા ગેરવ્યાજબી લાગ્યા છે. એને બદલે ઓફિસ ભાગતો અને ઘર તરફ જતો એ શબ્દ પ્રયોગ મને વધુ વ્યાજબી લાગ્યા છે. જો કે પરિસ્થિતિ મુજબ આ વાક્ય લાગુ પડવામાં ઉલટસૂલટ હોઈ શકે.

મારી બાની વાત સાચી હતી, એનું સમર્થન મને બીજે દિવસે સવારે મળ્યું.

હું સવારે ૪.૫૧ વાગે ઉઠું છું અને એ પહેલાં જાગી જાઉં છું. નહાવું, રોજેરોજનાં કપડાં ધોવાં, માતાજીની અગરબત્તી કરવી વગેરે પતાવીને સવારે ચાલવા નીકળું ત્યારે લગભગ સવારના ૬.૩૦ થયા હોય છે અને લગભગ ૮.૩૦ની આજુ બાજુ પાછો આવી જાઉં છું.આજે સવારે નાહીને બહાર નીકળ્યો ત્યારે અને કુદરતી અવસ્થામાંથી કૃત્રિમ અવસ્થાની યાત્રા તરફ હતો એટલે કે કપડાં પહેરતો હતો ત્યારે પેલી બારીમાં આવીને ઊભી રહી ગઈ. કપડાં પછી પહેરજે, પહેલાં બારણું ખોલ જાણે એવું કહેતી હોય તેવું મને પેલીની આંખોમાં લાગ્યું...

ગઈ કાલનાં ધોયેલાં કપડાં સૂકવવા હું બહાર ગયો અને મેં, જેવું ડ્રોઈંગરૂમનું બારણું ખોલ્યું એ ભેગી પેલી ઘરમાં ઘૂસી ગઈ... હજી બહાર પો ફાટ્યું ન હતું. મોસૂઝણું પણ જોઇએ તેવું ન હતું. સુરજના કિરણની તો હજી ઘણી વાર હતી. કેનીલના ઘરમાંથી આવતો ખારણી અને દસ્તાનો અવાજ (ચા માટે આદુ?) હજી નહોતો આવતો, પણ પેલી આવી ગઈ.

રુદ્ર અને ઓમ વગરનો હિંચકો જે સૂનો થઈ ગયો છે એ હિંચકા પર (હિંચકામાં?) પેલી બેઠી. મે એક વિંડચાઇમ લીધું છે... આમ તો બે લીધાં છે... એક વિંડચાઇમ હિચકાની વચ્ચે બાંધ્યું છે. બીજું ક્યાં બાંધ્યું છે તેની ફરી ક્યારેક વાત... પહેલુ વિંડ્યાઇમ જે પવનથી તો હલે જ છે પણ

પેલી આવીને હિંચકા પર બેસે ત્યારે પણ વિંડચાઇમ હલે છે અને ઘંટડીનો રણકાર ખાલી ડ્રોઇંગરૂમને અસ્તિત્વથી ભરી દે છે, હોવાપણાનો આભાસ થાય છે.

પેલીનો પણ અવાજ ખૂબ જ કર્ણપ્રિય છે. વિંડચાઇમ જેમ બોલે તો એવું લાગતું નથી કે એ બંધ થઈ જાય તો સારું.

બહાર ઓસરીમાં હું વર્તમાન પત્ર વાંચતો હોઉં ત્યારે પણ એ લોખંડની જાળી પાસે આવીને ઘણી વાર પૂછે છે કે શું કોઈ નવા સમાચાર છે? પેલી મને જ્યારે આવું પૂછે ત્યારે મારી નજરમાં જે સમાચાર હોય એ લગભગ મોદીજીના જ હોય છે. આ માણસ રજા જ નથી લેતો, વેકેશન જ નથી લેતો, સચિવાલયમાં ઓફિસર હતો ત્યારે આ માણસની કામ કરવાની પદ્ધતિ ખૂબ જોઈ. આ માણસ ખૂબ કામ કરે છે.

મે ઘણી વખત સાગરને કહ્યું છે કે, રાષ્ટ્રને આ આઝાદ કરવા માટેના કાર્ય માટે ભગવાને મો. ક. ગાંધીને ૨૪ કલાકનો સમય આપ્યો... ૫૬૨ (૫૬૩?) રજવાડા ભેગા કરવાના કામ માટે વલ્લભભાઈ પટેલને પણ ૨૪ કલાકનો જ દિવસ અને મને જે વ્યક્તિત્વમાં ખૂબ જ રસ પડે છે એ મોહમ્મદઅલી ઝિન્હા કે જેણે એક નવું રાષ્ટ્ર બનાવ્યું એને પણ ૨૪ કલાકનો દિવસ, ટૂંકમાં ઇતિહાસ બનાવવા માટે ૨૪ કલાકનો દિવસ પૂરતો છે.

જેને ઇતિહાસ નથી બનાવવો એની પાસે સમય જ નથી અને સામાન્ય રીતે નિષ્ફળ માણસો જ કહેતા હોય છે કે ટાઇમ નથી. મેં સાગરને એ પણ કહ્યું છે કે ટાઇમ નથી એવું કહેવું એ ખોટું વાક્ય છે. સાચું વાક્ય એ છે કે ટાઇમ મેનેજમેન્ટ નથી.

ક્યારેક એવું લાગે કે પેલી પણ ચેક કરે છે કે હું ટાઇમ મેનેજમેન્ટ બરાબર કરું છું ને?

આવું હું એટલા માટે કહું છું કે મેં મારા ઘરનો મોટા ભાગનો સામાન ખાલી કરી દીધો છે. લોકભાષામાં જેને બેડરૂમ કહેવાય એ હવે સ્ટડીરૂમ અથવા અસ્તિત્વકક્ષ છે, જ્યાં પુસ્તકોનો એક મોટો સેલ્ફ (કબાટ?, ઘોડો?) છે. પેલી ઘણી વાર છેક બેડરૂમમાં આવીને મને તપાસે છે. ચેક કરે છે કે હું ટાઇમ મેનેજમેન્ટ બરાબર કરું છું ને?

મને હંમેશા, એ વાતની ચિંતા હોય છે કે પેલી બેડરૂમમાં હોય અને તે લોકો જોઈ જશે તો? અને એમાં પણ બપોરના સમયે જ્યારે લોકોની અવર-જવર ઓછી હોય ત્યારે



જ પેલી બેડરૂમમાં મારી સાથે હોય તો... લોકો શું કહેશે? એક બે વાર તો મેં પેલીને બેડરૂમમાંથી બહાર પણ કાઢી... પણ, પેલીને મારી સાથે બેડરૂમમાં ગમે છે. એને મારી સાથે બેડરૂમમાં ફાવે છે, મારો ડર નથી લાગતો અને સૌથી વિશેષ, પેલીને લોકોની કોઈ ચિંતા નથી. હવે એને જ લોકોની ચિંતા ના હોય તો મને શું વાંધો છે?

લોકોની ચિંતા ના કરવી જોઈએ એવી હિંમત સામાન્ય રીતે ૨૦થી ૨૫ની વયમાં વિશેષ હોય છે. હું સ્વીકારું છું કે મારી જ્યારે એ વય હતી ત્યારે મારી અંદર આ હિંમત ન હતી. જેનું મેણું હજી પણ મને સાંભળવા મળે છે. આ હિંમત ના હોવા માટેનાં કારણો અથવા તેની ચર્ચા અત્યારે અસ્થાને છે.

મારા જીવનમાં મેં મોટા ભાગે રુદ્ર સાથે વધુ અને ઓમ સાથે પણ શબ્દવિહિન પ્રત્યાયન (Wordless Communication) કર્યું છે. મારું હંમેશાં એવું માનવું છે કે કોઈ પણ પ્રત્યે લાગણી હોય તે સાબિત કરવા માટે શબ્દોનું વહન હંમેશા જરૂરી નથી.

શબ્દવિહિન પ્રત્યાયન એ લાગણીવિહિન હોય ત્યારે એ ટોર્ચરમાં પરિવર્તિત થાય છે અને આ જ શબ્દવિહિન પ્રત્યાયન છલોછલ લાગણીથી ભરેલું હોય ત્યારે તે સાચા અર્થમાં સુખનો આકાર ધારણ કરે છે.

સતત પ્રયત્નો પછી હું મારા રૂમનું તાપમાન ૩૦ અંશથી ૩૨ અંશની વચ્ચે અને જ્યારે સરકારી રેકોર્ડમાં ૪૫ અંશથી ૪૯ અંશ હતું ત્યારે વધીને ૩૬ અંશ સુધી રાખવામાં સફળ થયો છુ. આ તાપમાન મારા ઘરમાં બેડરૂમમાં હોય છે અને ક્યારેક ભેજનું પ્રમાણ વધીને ૭૬ ટકા સુધી અને મોટે ભાગે ૬૦ ટકાથી વધુ હોય છે. આવું ચોક્કસ એટલે કહું છું કે આ આંક માપવાનુ યંત્ર (Humidity Meter or hygroMeter?) મેં અમેઝોન પરથી ખરીદ્યું છે. આવી સ્થિતિમાં બહારના ૪૫ અંશથી ૪૯ અંશના તાપમાનને છોડીને પેલી મારી સાથે બેડરૂમમાં એકલી રહે છે.

હું બપોરે જ નહીં, પણ મોટે ભાગે આખો દિવસ બેડરૂમમાં અથવા સ્ટડીરૂમમાં હોઉં છું. હમણાંથી પેલી અણધારી બેડરૂમમાં આવી જાય અને કોઈ ખૂણે બેસીને મારી સામે પણ ના જુએ અને શબ્દવિહિન પ્રત્યાયન કરી મને વિરહનો અહેસાસ કરાવે. જાણે મને કહેતી હોય કે મને નજીક બોલાવને...? પછી હું રીમોટ હાથમાં લઉં કે પડખું ફરું કે મોબાઇલ હાથમાં લઉં અને બેડરૂમની અકળાવી નાખતી શાંતિમાં ભંગ કરું એટલે પેલી મારી સામે જુએ અને વિદાય લે. અહીં વિદાય લે, એ

શબ્દ કરતાં જતી રહે એ શબ્દ વધુ યોગ્ય છે. વિદાય એ અંતિમ વાચક શબ્દ છે (અથવા મને લાગ્યો છે) તેમાં પાછું આવવાની વાત નથી. જ્યારે જતી વેળામાં આપણે લોકોને આવજો એવું કહીએ છીએ.

મારી આડોશ-પાડોશના ઘણા છોકરાઓને ખબર છે કે પેલી હવે મારે ઘેર નિયમિત આવે છે અને અહીં જ ઘર બનાવવાનુ વિચારે છે.

છેલ્લા ૨૩ દિવસથી એવું લાગે છે કે હવે એણે મારાથી ડરવાનું બંધ કરી દીધું છે. કદાચ એને એવું લાગે છે કે ચહેરા પર દેખાય છે તેવો આ માણસ નથી. હવે પેલી મને સહેજ પણ ધ્યાનમાં લીધા વગર મારા ઘરમાં આવન જાવન કરે છે.

આપણે જાણીએ છીએ કે, લંબાઇનો નાનો એકમ મીલી મીટર છે અને પછી માઇક્રો મીટર અને પછી નેનો મીટર. પેલી જ્યારે ૧ નેનો મીટરના અંતરેથી... મારી પાસેથી પસાર થાય છે. ત્યારે ભલે બારી ખુલી હોય... તેને પકડી લેવાની ઇચ્છા થાય છે.

આ ઇચ્છા... એ એક પ્રકારનો આવેગ અથવા આવેશ છે અને આ આવેગ અથવા આવેશ પરની નિરંકુશતા હંમેશા લોકો અથવા સમાજની ચિંતામાંથી મુક્ત કરાવે છે અને તેની પરનો અંકુશ લોકો અથવા સમાજની ચિંતા કરાવે છે.

મને એવું થાય કે, લોકોને જે વિચારવું હોય તે વિચારે... પેલી મારી જોડેથી પસાર થઈ... મારી પાસે આવી, ત્યારે હું તેને પકડું છું ને...? અને તેને પણ ગમતું જ હોવું જોઈએ, તો જ પાસે આવે ને...? અને એ પણ એક નેનો મીટરના અંતરે...

પણ પછી થાય કે નહીં. ના પકડવી જોઈએ પેલી ને. આવડા મોટા 4BHKના ઘરમાં જ્યાં ભૂતને પણ બીક લાગે ત્યાં પેલી જમાનાની ચિંતા કર્યા વગર મારી પર વિશ્વાસ મુકીને છેક ડ્રોઇંગરૂમ નહીં, પણ બેડરૂમ (સ્ટડી રૂમ?) સુધી આવે છે. એ વિશ્વાસને મારે તોડવો ના જોઈએ.

આમ પણ મને કોઈ વિશ્વાસ તોડે એ નથી ગમતું... વિશ્વાસ નામની લાગણી સાથે રમત ના હોય. વિશ્વાસ નામની લાગણી સાથે રમત રમતા લોકોને મેં મોટી કિંમત ચૂકવતા જોયા છે.

ભલે પેલી એક નેનો મીટરના અંતરેથી આવન જાવન કરે. મને ઘસાઈને, અથડાઈને... જશે તો પણ હું તેને કશું નહીં કરું. સ્પર્શનો આનંદ પેલી ભલે લેતી, હું તો



માત્ર નજરથી જ સ્પર્શ કરીશ.

મનુષ્ય ધારે તો દૃષ્ટિથી તીર પણ છોડી શકે અને લાગણીઓનું ઘોડાપૂર પણ મોકલી શકે. શબ્દવિહિન પ્રત્યાયનમાં લાગણીઓને પહોંચાડવામાં દૃષ્ટિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

અનુભવે મેં જોયું કે પેલીને પણ રુદ્ર અને ઓમની જેમ હિંચકા પર લગાવ છે. ધીમે ધીમે પોતાના રહેવા માટે જીવન જરૂરી સાધનો એણે હિંચકા પર ગોઠવવા માંડ્યા છે. છતમાંથી નીકળતા હુકની સાથે લગાવેલી સ્પિંગ જ્યાં પૂરી થાય છે અને ત્યાંથી હિંચકો શરૂ થાય છે અને ત્યાં જ વિંડચાઇમ પણ લગાવેલું છે. પેલી બરાબર ત્યાં વચ્ચે જ ઘર કરવા માંગે છે.

એનું ઘર એટલે માળો અને
પેલી એટલે બૂલબૂલ..

તણખલાંઓની સંખ્યા વધી એટલે પછી મેં આજે મારી બાજુના પડોશીની દીકરી જાહ્નવી-જાનુને બોલાવી.

ટેંડા કંપનીના વાઇફાઇ-રાઉટરના બોક્ષમાં આવેલી કાગળના માવાની પ્લેટ/ ડીશને હિંચકા અને સ્પ્રિંગની વચ્ચે વ્યવસ્થિત ગોઠવવાનું કામ આજે જાનુએ કર્યું. આ કામ શરૂ કરતાં પહેલાં જાનુના હાથ પતંજલિના સાબુથી ધોવરાવ્યા અને પછી આ કામ હાથ પર લીધું. કારણ કે હાથના પરસેવાની ગંધ પણ તેના ઘર (માળા)ની આજુબાજુ ના આવવી જોઈએ, તે મને ખબર છે... નહીં તો બૂલબૂલ (પેલી?) ત્યાં ઇંડા નહીં મૂકે અને પછી બૂલબૂલ (પેલી?) ના ઘેર નવા મહેમાનો નહીં આવે અને મહેમાનો નહીં આવે તો ચીં... ચીં...અવાજ પણ નહીં થાય.

ભૌતિક શાંતિને તોડી નાખતા કેટલાક અવાજો ક્યારેક મનની શાંતિમાં પરિવર્તિત થતા હોય છે.

આવા અવાજોની પ્રતિક્ષામાં અને પેલીના (બૂલબૂલના?) સહવાસની અપેક્ષામાં જીવતો હું.

હું... એટલે માત્ર હું... પેલી અને મારી અવસ્થાનો સરવાળો.

પેલી એટલે કોણ...? બૂલબૂલ? વાંચનાર પર છોડું છું. તમે જ કહો, પેલી એટલે કોણ?


સરકારી ભાષામાં કહું તો બિડાણમાં પેલીના ફોટા સામેલ છે.

અને હા, ફરી એક વાર..
પેલી એટલે કોણ...?
પેલી કે બૂલબૂલ? ■

નૂતન વર્ષ આપ સૌ માટે

સુખ, શાંતિ અને સમૃદ્ધિનો

નૂતન ઉજાસ લાવે તેવી શુભેચ્છાઓ...



નૂતન વર્ષમાં નવા ઉત્સાહથી આપણાં કાર્યો આગળ ધપાવીએ,

## ગુજરાતને વધુ તેજસ્વી બનાવીએ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com